રાધે રાધે ગ્રુપ અને સર્વ વિદ્યાલયના સર્વ નેતૃત્વ ટીમ દ્વારા ધાર્મિક પ્રવાસનું આયોજન

(તસવીર : શૈલેન્દ્ર સોલંકી)

ગાંધીનગર, તા.૨૫

રાધે રાધે ગ્રુપ અને સર્વ વિધાલયના સર્વ નેતૃત્વ ટીમ દ્વારા તાજેતરમાં આજુબાજુ ગામના કુલ ૫૪ ભાઈઓ-બહેનો માટે ત્રણ દિવસનો ધાર્મિક પવાસનું આયોજનકરવામાં આવ્યું હતું ગાંધીનગરથી લઈ શ્રાવણ ના પવિત્ર માસમાં ધાર્મિક સ્થળો જેવા કે દ્વારકા ,નાગેશ્વર,શીવરાજપુર બીચ,બેટ દ્વારકા, સોમનાથ, હરસિધ્ધિ માતા મંદિર, માધવપુર બીચ, જુનાગઢ, ચોટીલા, ખોડલધામ, વીરપુર,જેવા સ્થળોએ હર્ષ અને આનંદનો પ્રવાસ કરાયો. યાત્રાનો પારંભ સર્વ વિધાલયના સર્વ નેતૃત્વ ટીમના સંયોજક ડૉ. ધર્મેન્દ્ર પટેલ સાહેબ દ્વારા કરવામાં આવ્યું હતું. અને તેઓએ બધા વડીલોને શુભકામના પાઠવી હતી. દરમિયાન વડીલો ભજન કીર્તન કરી ખુશ ખુશ થઈ ગયા હતા. અને સાથે સાથે યુવાનો પણ આનંદ લાગણી અનુભવી હતી તેમજ વડીલો સાથે ખૂબ જ આનંદ કર્યો હતો. આ પવિત્ર પ્રવાસમાં વેરાહી ટુસૅ અને ટ્રાવેલસ અને ગાંધીનગરની વિશિષ્ટ વ્યક્તિઓ પતિકભાઈ પટેલ અને જયભાઈ પટેલ તથા તેમની ટીમ દ્વારા આર્થિક રીતે સાથ સહકાર મળ્યો હતો. તે બદલ સૌ વડીલોએ તેમનો ખૂબ ખૂબ આભાર માન્યો હતો. આ કાર્ય કનુભાઈ પટેલ,તન્મય પટેલ,કૌશિક પ્રજાપતિ તથા પ્રતીક પટેલ જેવા યુવા વિદ્યાર્થીઓ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. મને આ યાત્રામાં ખુબ જ મજા આવી આપડા હિંદુના પવિત્ર ધાર્મિક મંદીરનો દશૅન કરવાનો લાભ મળ્યો તે બદલ સમગ ટીમનો આભાર માનું છું.

અંતરિયાળ ખેતરના ૮૦ફૂટ ઊંડા કુવામાં લાંબા સમયથી પડેલા શ્વાનનું રેસ્કયું

વાંકાનેરડા ગામે અવાવારું કુવામાં પડેલા શ્વાનને ખેતર માલિક રોજ ખોરાક પાણી પુરા પાડતો હતો : ગાંધીનગરના રેસ્ક્યુઅર્સે ગણતરીના સમયમાં બહાર કાઢ્યો



ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર જિલ્લાના ડભોડા પાસેના વાંકાનેરડા ગામ લક્ષ્મણજી ઠાકોરના ખેતરમાં આશરે ૮૦ ફૂટ ઊંડા કૂવામાં એક શ્વાન અંદાજે છેલ્લા ૬ મહીનાથી અંદર પડી ગયું હતું. ખેતર માલિક લક્ષ્મણજી દ્વારા કુતરાને રોજ દોરીનો ટેકો કરી પાણી તથા ભોજન પૂરું પાડવામાં આવતું હતું. ગાંધીનગરની શ્રી રામ ચેરીટેબલ ટ્રસ્ટ અને હેપ્પી યુથ કલબની સંયુક્ત ટીમે આ શ્વાનના રેસ્કયું માટે કોલ મળતા સ્થળ પર જઈને શ્વાનને સફળ રીતે બહાર કાઢીને મુક્ત કર્યું હતું. ખેતર માલિક લક્ષ્મણજીને કોઈ સંસ્થા કોન્ટેક્ટ નહતો અને તેઓ એમના રોજિંદા ખેતરના કામમાં લાગી જતા હતાને શ્વાનને ખોરાક પાણી પૂરું પાડતા હતા અને એના રડવાનો અવાજ સાંભળતા હતા. અંતરિયાળ ખેતર હોવાથી અવરજવર ઓછી રહે છે. એમણે ઘણાને પૂછ્યું પણ કેવી રીતે બહાર કાઢવું એ કોઈ કહી શક્યું નહોતું. આ દરમ્યાન લક્ષ્મણજીને ડભોડાના કોઈ મિત્ર મળ્યા અને એમણે એમના મિત્રને કૂવા પડેલા કુતરા માટેની ચર્ચા કરી ત્યારે એમના મિત્ર દ્વારા તાત્કાલિક ગાંધીનગરની શ્રી રામ ચેરીટેબલ ટ્રસ્ટ અને હેપ્પી યુથ કલબનો કોન્ટેક્ટ કરવા કહ્યું હતું. ગત તા.૨૨મી ઓગસ્ટ મંગળવારે સાંજે બન્ને સંસ્થાની ટીમને આ વાતની જાણ થતા સંયુક્ત ટીમ દ્વારા તાત્કાલિક વાંકાનેરડા પહોંચી રેસ્કયું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ ટીમે પહેલાં કુવામાં એક લાઈટ ઉતારી હતી તે પછી ટીમના રેસ્ક્યુર દ્વારા કુવામાં ઉતરીને આ શ્વાનને આશરે ૩૦થી ૪૦ મિનિટમાં બહાર કાઢવામાં આવ્યું હતું અને શ્વાનને સ્વસ્થ હાલતમાં મુકત કર્યું હતું. લક્ષ્મણજી અને તેમના પરિવારે ટીમના સભ્યોને ભીની આંખે આશીર્વાદ આપ્યા હતા.

પોર્ટુગલમાં ફસાયેલા વડોદરાની જિનલ વર્મા ગુજરાત પરત ફર્યા

વડોદરા,તા.૨૫

રાજ્ય સરકારના પ્રયાસને પગલે પોર્ટુગલમાં ફસાયેલા વડોદરાની જિનલ વર્મા હેમખેમ રીતે ગુજરાત પરત ફરી છે. સરકારની મદદથી જિનલ વર્મા ગુજરાત સહીસલામત પહોચતા તેમને વીડિયો સંદેશ મારફતે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને તેમના અંગત સચિવ સહિતનાઓનો આભાર વ્યક્ત કર્યો હતો. મહત્વનું છે કે જિનલ વર્મા તેના પતિ સાથે પોર્ટુગલમાં વસવાટ કરતા હતા. આ દરમિયાન પતિ દ્વારા માનસિક-શારીરિક હેરાનગતી કરાતી હતી. એટલું જ નહીં આરોપી પતિએ જિનલના પાસપોર્ટ-ડોક્યુમેન્ટ પણ જપ્ત કરી લીધા હોવાની રાવ ઉઠી હતી અને જિનલ વર્મા પોર્ટુગલમાં રાહુલ વર્માની નજરકેદમાં હતા.

પોતે ખૂબ મુશ્કેલીમાં હોવાની જિનલે પોતાના પિતાને જાણ કરી હતી. બાદમાં તેણીના પિતા દ્વારા ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીને રજૂઆત કરી જિનલને પરત વતન લાવવા ગૃહ રાજ્ય મંત્રી સમક્ષ માંગ ઉઠાવી હતી. જેને લઈને સરકારે બાબતની ગંભીરતાને ધ્યાને લઈને તાબડતોબ કાર્યવાહી હાથ ધરી હતી. રજૂઆતને ધ્યાને લઈ તાત્કાલિક ગૃહ અને એનઆરજીના નેતૃત્વ હેઠળ આ અંગેની અરજી પોર્ટુગલ ખાતે આવેલી ભારતની એલચી કચેરીને અને ભારત સરકારના વિદેશ મંત્રાલયને ઘટતી કાર્યવાહી કરવાના હેતુસર મોકલવામાં આવી હતી. ત્યારબાદ પોર્ટુગલ ખાતેની ભારતની એલચી કચેરીએ આ મામલે હકારાત્મક દાખવી તેમણે કાર્યવાહી હાથ ધરી હતી. જેની રજૂઆતના યશપરિણામ સ્વરૂપે દીકરી ઘરે પરત ફરી છે. આથી પરિવારમાં પણ હર્ષનો દરિયો ઉભરાયો હતો અને લાગણીસભર દ્રશ્યો જોવા મળ્યા હતાં. જેમણે રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

પાદપૂર્તિ સ્પર્ધા યોજાઈ

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશન સેક્ટર-૨૩, ગાંધીનગર અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તળના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓ સાહિત્યના વિવિધ સ્વરૂપોમાંથી કાવ્યની પંક્તિને પૂર્ણ કરી કાવ્યલેખન કરતા શીખે તે હેતુથી તા. ૨૫-૮-૨૩ના રોજ પાદપૂર્તિ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ કોલેજોમાંથી વિદ્યાર્થીઓએ ભાગ લઈને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રા. નરેન્દ્રભાઈ નાયી અને સુરજીતસિંહ વાઘેલાએ કર્યું હતું.

જરૂરિયાતમંદ કિશોરીઓમાં માસિક ધર્મ અંગે જાગૃતિ વધારશે "પ્રોજેક્ટ ઉડાન"

ફ્લિપકાર્ટ ફાઉન્ડેશન, ગીવ ફાઉન્ડેશન અને પિંકીશ ફાઉન્ડેશનનો સંયુક્ત પ્રોજેક્ટ : ગુજરાતના ગાંધીનગર અને મહેસાણા સહિત દેશના કુલ ચાર ચાર રાજ્યોમાં પ્રોજેક્ટ લોન્ચ કરાશે

ગાંધીનગર, તા.૨૫

ફ્લિપકાર્ટ ફાઉન્ડેશન અને ગીવ ફાઉન્ડેશને માસિક ધર્મને લગતા સ્વાસ્થ્ય અને સ્વચ્છતા અંગે જાગૃતતા ફેલાવવા માટે ભારતમાં મહિલાઓ અને કિશોરીઓના જીવનને સુધારવા માટે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થા પિંકીશ ફાઉન્ડેશન સાથે ભાગીદારી કરી છે. 'પ્રોજેક્ટ ઉડાન' નામની આ પહેલ ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોની કિશોરીઓ અને મહિલાઓને જે પડકારોનો સામનો કરવો પડે છે તેનું નિરાકરણ લાવીને માસિક ધર્મ અંગે હકારાત્મકતા લાવવાનો હેતુ ધરાવે છે. આવશ્યક માહિતી અને ઈકો-ફ્રેન્ડલી પીરિયડ પ્રોડક્ટ્સ પ્રદાન કરીને, આ પ્રોજેક્ટ વધુ સારી રિપ્રોડક્ટિવ હેલ્થ અને બિહેવરલ પ્રેક્ટિસીસને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરે છે. આ પ્રોજેક્ટ ગુજરાતના ગાંધીનગર અને મહેસાણા, હરિયાણાના ગુરુગ્રામ, કર્ણાટકમાં બેંગલુરુ અને ઉત્તર પ્રદેશમાં વારાણસી સહિત ચાર રાજ્યોમાં અનેકવિધ સ્થળોએ ચલાવવામાં આવશે.

આ પહેલનો હેતુ કિશોરીઓને સશક્તિકરણ અને પ્રોત્સાહિત કરવાનો અને પીરિયડ્સ અંગેની ભ્રમણાઓ દૂર કરવાનો છે. યોગ્ય માસિક સ્વાસ્થ્ય પ્રથાઓને પ્રોત્સાહન આપવા ઉપરાંત, આ પ્રોજેક્ટ યુવાન છોકરીઓ અને મહિલાઓમાં ગૌરવ અને આત્મવિશ્વાસની ભાવનાને પોષવાની પણ કલ્પના કરે છે. આ કાર્યક્રમ ૧૦થી ૧૮ વર્ષની વયની છોકરીઓ માટેનો પ્રયાસ છે,

જેમાં ૧,૬૦૦ છોકરીઓને પ્રત્યક્ષ રીતે અને વધારાની ૩,૨૦૦ છોકરીઓ અને મહિલાઓને

આડકતરી રીતે લાભ થાય છે, જેમાં સ્થાનિક ટીમોની મદદથી પસંદ કરાયેલી ૨૦-૨૫ શાળાઓને આવરી લેવામાં આવે છે. દરેક પસંદગીની શાળાઓમાં ૫૦-૧૦૦ છોકરીઓની બેચ માટે બે-કલાકની વર્કશોપનું આયોજન કરવામાં આવશે, જેમાં સ્વચ્છતાના વ્યવહારો, મેન્સ્ટ્રૂઅલ પ્રોડક્ટ વિકલ્પો અને તેમના નિકાલ, આરોગ્ય અને પોષણ વગેરે વિશે વ્યાપક જ્ઞાન આપવામાં આવશે. આ સેશન્સ માસિક સ્રાવ અંગેની ખોટી માન્યતાઓ પણ દૂર કરવાનો પ્રયાસ કરાશે અને પેઈન-મેનેજમેન્ટ, ભાવનાત્મક-સ્વાસ્થ્ય અને પીરિયડ-પોઝિટિવ હિમાયતમાં ઊંડા ઉતરીને ચર્ચા કરાશે. વધુમાં, આ વર્કશોપના ભાગરૂપે પીરિયડ કીટનું વિતરણ કરવામાં આવશે, જેમાં પુનઃઉપયોગ કરી શકાય તેવા કાપડના પેડ, સૂચના પુસ્તિકા અને અન્ય આવશ્યક વસ્તુઓનો સમાવેશ થાય છે, જેથી ઓછામાં ઓછા બે વર્ષ સુધી પર્યાવરણને અનુકૂળ માસિક સ્રાવના સ્વાસ્થ્ય વ્યવસ્થાપન સુનિશ્ચિત કરી શકાય.

ફ્લિપકાર્ટ ફાઉન્ડેશનના ડિરેક્ટર પૂજા ત્રિસાલે જણાવ્યું હતું કે, ''અમે માનીએ છીએ કે સશક્તિકરણની શરૂઆત જ્ઞાન અને એક્સેસથી થાય છે. પિંકીશ ફાઉન્ડેશન સાથેની ભાગીદારીમાં 'પ્રોજેક્ટ ઉડાન'ની શરૂઆત સાથે, અમે ગ્રામીણ અને વંચિત સમુદાયોમાં યુવાન કિશોરીઓ અને મહિલાઓનું ઉત્થાન કરવા, શિક્ષણ આપવા તથા તેમના સશક્તિકરણ માટે એક મહત્વપૂર્ણ પગલું ભરી રહ્યા છીએ.

આવશ્યક માસિક આરોગ્ય શિક્ષણ અને ઈકો-ફ્રેન્ડલી પીરિયડ પ્રોડક્ટ્સ દ્વારા, અમે અવરોધો તોડવાની, નાની ઉંમરે છોકરીઓમાં આત્મવિશ્વાસ જગાડવા અને તંદુરસ્ત અને ઉજ્જ્વળ ભવિષ્ય માટે માર્ગ મોકળો કરવા ઈચ્છીએ છીએ. અમે કોઈને પાછળ ન છોડવા માટે પ્રતિબદ્ધ છીએ કારણ કે અમે વધુ સમાવિષ્ટ અને સશક્ત સમાજ તરફ સતત સાથે આગળ વધીએ છીએ.''

શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં રાખી મેકિંગ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં તારીખ ૨૪-૮-૨૦૨૩ને ગુરૂવારે ધોરણ ૭ થી ૮ ના વિદ્યાર્થીઓની રાખી મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. દરેક વિદ્યાર્થીઓએ અલગ અલગ વસ્તુઓનો ઉપયોગ કરી વિવિધ પ્રકારની રાખી બનાવી હતી. જેમાં શાળાના આચાર્ય શ્રીમતી નીવાબેન પટેલે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

સરકારી વિનયન કોલેજમાં સપ્તધારાની જ્ઞાનધારા દ્વારા જનરલ નોલેજ ક્વિઝ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૫

સરકારી વિનયન કોલેજમાં સપ્તધારાની જ્ઞાનધારા, આઝાદી કા અમૃત મહોત્સવ અને જી-૨૦ અંતર્ગત જનરલ નોલેજ ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું આયોજન સપ્તધારાના કન્વીનર પૂર્વીબેને કર્યુ હતુ. જલ્પાબેન રાણા અને મીનાબેન બંજારા, ભૂમિબેન અને ગાયત્રીબેને સંચાલન કર્યુ હતું. આ કાર્યક્રમના નિર્ણાયક તરીકે કોલેજના અધ્યાપક ભાનુબેન કાપડીયા રહ્યા હતા. આ સપ્તધારામાં પ્રથમ ત્રણ ક્રમે આવનાર વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા અને ભાગ લીધેલ દરેક વિદ્યાર્થીને આશ્વાસન ઈનામ આપવામાં આવ્યા હતા.

તા.૨૪/૮/૨૩ ના રોજ ચિલોડા ગુડા સોસાયટી ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્ર છાલા તેમજ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ચિલોડા ના સહયોગ દ્વારા ચિલોડાની આ ગુડા સોસાયટી માં નિરામય કેમ્પ ના આયોજન દ્વારા બિન ચેપી રોગ જેવા કે બીપી,ડાયાબિટીસ, ઓરલ કેન્સર કે અન્ય કેન્સરના નિદાન તેમજ જાગરૂકતા માટે ની સુંદર કામગીરી થયેલ જેમાં સોસાયટી ના રહીશો સારી એવી સંખ્યા માં લાભ લીધેલ. સોસાયટી ના આયોજકો દ્વારા સુદ્રઢ આયોજન કરેલ જે થી લાભાર્થી તેમજ આવેલ ટીમ ના સભ્યો ને કાર્યક્રમ માં કોઈ અગવડતા ના પડે.

આગામી તા. ૯ સપ્ટેમ્બરે તાલુકા-જિલ્લા કક્ષાએ લોક અદાલત યોજાશે

લોક અદાલતમાં જમીન સંપાદન, બેંકનાં લેણાના દાવા, રેવન્યુ, લેબર સહિતના કેસોનું કરવામાં આવશે સુખદ સમાધાન

ગાંધીનગર, તા. ૨૫

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, સુપ્રિમ કોર્ટ, દિલ્હી દ્વારા નેશનલ લોક અદાલતના નિર્ધારીત વાર્ષિક કાર્યક્રમ મુજબ તથા ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના આદેશ અનુસાર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગરના અધ્યક્ષ તેમજ મુખ્ય ન્યાયાધીશ જે.આર.શાહના નેતૃત્વ તથા માર્ગદર્શન હેઠળ અગામી ૦૯ મી સપ્ટેમ્બરને શનિવારના રોજ જાહેર રજાના દિવસે ગાંધીનગર જિલ્લાના તાલુકા તેમજ જિલ્લા કક્ષાના નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સમાધાન લાયક ફોજદારી કેસો, છુટાછેડા સિવાયના લગ્ન વિષયક કેસ, નેગોશીએબલ ઈન્સટ્રૂમેન્ટ એકટ–૧૩૮ના કેસ, જમીન સંપાદનના કેસ, બેકનાં લેણાના દાવા, પે, અલાઉન્સીસ અને રીટાયરલ બેનીફીટસને લગતી સર્વિસ મેટર, મોટર અકસ્માત વળતરના કેસ, રેવન્યુ કેસ, લેબરને લગતા કેસ, ઈલેકટ્રીસીટી તેમજ પાણીના વેરાના કેસ તેમજ અન્ય સિવીલ કેસનું લોક અદાલતમાં સમાધાન કરવામાં આવશે. જે પક્ષકારોને, બેક, વીમા કંપનીઓ, નાણાકીય સંસ્થાઓ વગેરે ઉપરોકત દર્શાવેલ કેસને લગતા પેન્ડીંગ તેમજ પ્રિ-લીટીગેશન કેસોનુ સુખદ સમાધાન કરવા ઈચ્છતા હોય તેઓશ્રીએ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગર તેમજ તાલુકા કાનૂની સેવા સમિતિ કલોલ,માણસા,દહેગામ તેમજ ગાંધીનગરની કચેરીનો સંપર્ક કરવા જિલ્લા કાનૂની સેવ સત્તા મંડળના સચિવે અનુરોધ કર્યો છે. વધુ માહિતી માટે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગર, રૂમ નંબર ૧૦૧, પ્રથમ માળ, ન્યાયમંદિર, સેકટર-૧૧, ગાંધીનગરનો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

મહાત્મા મંદિર ખાતે સૌથી મોટા ટ્રાવેલ એન્ડ ટુરીઝમ ફેર (ટીટીએફ)નું સમાપન

ટીટીએફ ૨૦૨૩માં ૧૫ દેશ અને ભારતના ૨૪ રાજ્યોમાંથી ૮૦૦થી વધુ એક્ઝિબીટર્સ સામેલ થયા

ગાંધીનગર, તા. ૨૫

અત્યાર સુધીના સૌથી મોટા ટ્રાવેલ એન્ડ ટુરીઝમ ફેરનો મહાત્મા મંદિર કન્વેન્શન એન્ડ એક્ઝિબીશન સેન્ટર, ગાંધીનગર ખાતે આજે સમાપન થયું હતું. આ ફેરને ભારે પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડ્યો હતો અને ત્રણ દિવસ દરમ્યાન ખુબ મોટી સંખ્યામાં દેશ વિદેશના ટ્રાવેલર્સ, ટુર ઓપરેટર્સ અને ટ્રાવેલ-હોસ્પિટાલિટી એજન્ટ્સે આ ફેરની મુલાકાત લીધી હતી તેમજ આ ક્ષેત્રે નવીન તકો તેમજ શક્યતાઓ અંગે ચર્ચા વિચારણા સાથે જ્ઞાનનું આદાનપ્રદાન કરાયું હતું. ટીટીએફ ૨૦૨૩માં ૧૫ દેશ અને ભારતના ૨૪ રાજ્યોમાંથી ૮૦૦થી વધુ એક્ઝિબીટર્સ સામેલ થયા હતા.

આ વર્ષનું ૨૦૨૩ આગામી પ્રવાસની સીઝન માટે પાયો સ્થાપિત કરે છે, જ્યાં ઘણી અપેક્ષાઓ છે કારણ કે તે પ્રવાસ અને પ્રવાસન સમુદાય દ્વારા સહયોગપૂર્ણ પ્રમોશનની અભૂતપૂર્વ ડિગ્રી દર્શાવે છે.

ટીટીએફ ૨૦૨૩ને દિવાળીના વેકેશનના પ્રવાસની મોસમ પહેલાંનો આ ખૂબ મોટો મેળાવડો ગણવામાં આવે છે. પ્રવાસન વ્યવસાય, જે થોડા સમય પહેલા મહામારીના આંચકાને પગલે ફરી વિકાસ પામી રહ્યો છે, તે ટ્રેન્ડ સેટ કરવા માટે સમગ્ર ભારતમાંથી ગંતવ્યસ્થાનો એક છત નીચે ભેગા થયા છે. ટીટીએફ ૨૦૨૩માં માત્ર ભારતના વિવિધ રાજ્યો જ નહીં, પરંતુ આંતરરાષ્ટ્રિય પ્રવાસન સ્થળો જેમાં આર્મેનિયા, ભૂતાન, જ્યોર્જિયા, જાપાન, કઝાકિસ્તાન, કેન્યા, નેપાળ, રશિયા, થાઈલેન્ડ, તુર્કી, યુએઈ, યુનાઈટેડ કિંગ્ડમ, ઉઝબેકિસ્તાન અને વિયેતનામનું પ્રતિનિધિત્વ જોવા મળે છે, જે આ શોને એક ગ્લોબલ સ્વરૂપ બક્ષી રહ્યો છે.અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતના પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાએ અનેક પ્રતિષ્ઠીત મહાનુભવોની હાજરીમાં ટીટીએફ ૨૦૨૩નું ઉદ્ઘાટન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ''પ્રવાસન એ એક એવો ઉદ્યોગ છે કે જેની અર્થતંત્રને બહુગામી અસરો થતી હોય છે. ટીટીએફ ૨૦૨૩ એ ટ્રાવેલ અને ટુરિઝમ ઉદ્યોગના પ્રચાર માટેનું એક અનોખું પ્લેટફોર્મ છે અને તે ભારતીય તથા વિશ્વના અર્થતંત્રને નોંધપાત્ર પ્રદાન કરશે. ગુજરાતમાં પ્રવાસન પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવાના અમારા વિઝનને અનુરૂપ આ સમારંભ ખૂબ જ મહત્વનો છે.'' જે પ્રતિષ્ઠીત મહાનુભવો હાજર રહ્યા હતા તેમાં ગુજરાતના પ્રવાસન સચિવ- હરીત શુક્લ, ગુજરાત ટુરીઝમ કોર્પોરેશનના મેનેજીંગ ડિરેક્ટર અને પ્રવાસન કમિશ્નર ડો. સૌરભ પારધી, જમ્મુકાશ્મીર ટુરિઝમના ડાયરેક્ટર ટુરિઝમ- રાજા યાકુબ ફારૂક, બિહાર ટુરિઝમના ડિરેક્ટર- વિનય કુમાર રાયનો સમાવેશ થાય છે. અન્ય રાજ્યોમાંથી પણ ઘણાં વરિષ્ઠ અધિકારીઓ અને ટ્રાવેલ ટ્રેડ એસોસિએશનના વડાઓ આ સમારંભમાં હાજર રહ્યા હતા. આ સમારંભમાં હાજર રહેલા ટ્રાવેલ ટ્રેડ ઈન્ડસ્ટ્રીના અગ્રણીઓમાં ટ્રાવેલ ટ્રેડ એસોસિએશન ઓફ ઈન્ડિયા (ટીએએઆઈ)ના ચેપ્ટર ચેરમેન ગુજરાત- વિરેન્દ્ર શાહ, ચેપ્ટર ચેરમેન ગુજરાત ટ્રાવેલ એજન્ટસ એસોસિએશન ઓફ ઈન્ડિયા (ટીએએફઆઈ)- રોનક શાહ, ગુજરાત એસોસિએશન ઓફ ડોમેસ્ટીક ટુર ઓપરેટર્સ ઓફ ઈન્ડિયા (એડીટીઓઆઈ)- પિંકલ શાહ, ટ્રાવેલ એજન્ટ એસોસિએશન ઓફ પાન ઈન્ડિયા (ટીએએપીઆઈ)- વિનેશ શાહ અને ટુરીઝમ લીડર્સ ક્લબના (ટીએલસી) પ્રેસિડેન્ટ- અમેશ દફતરી તથા અન્યનો સમાવેશ થતો હતો.